

# ચિલોડામાં ગરીબ શ્રમજીવી પરિવારોના ઘરે ઘરે શાકભાજીનું વિતરણ કરાયું

કોરોના વાયરસની મહામારીને લઈને સમગ્ર દેશ ૩જી મે સુધી લોકડાઉન-૨ની અમલવારી અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જાળવવા લોકહિતની જાળવણી માટે વહીવટીતંત્ર સાચે જ કમર કસી રહી છે ત્યારે કોરોના વાયરસના કેસો અંગે ચિંતાજનક બાબતમાં નાના અને ગરીબ શ્રમજીવીઓ જીવનવ્યવહાર અને રોજિંદી જરૂરિયાતો મેળવવામાં કસોટીકાળમાં પસાર થઈ રહ્યો છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં ખૂબજ નજીકના પારિવારિક સંબંધો સાથે સંકળાયેલા ગરીબ પરિવારો હાલમાં ધંધા-રોજગાર વિના મુશ્કેલી સહન કરી રહ્યો છે. આવા નિસહાય પરિવારોને સંકટ સમયે સહાયરૂપ બનવા ચિલોડા ગામના સેવાભાવી નાગરિકો દ્વારા જનસેવા એજ પ્રભુસેવા મંત્રને સાર્થક કરવા સેવાની પ્રવૃત્તિઓ આરંભાઈ ચુકી છે. ગામના વસંતી દે ઉર્ફે ચકુમાસી દ્વારા છેલ્લા ૧૫ દિવસથી ૧૦૦૦ ગરીબ પરિવારોને બે ટંક નિયમિત ઘેર બેઠા ભોજન સેવા યજ્ઞ ચાલી રહ્યો છે. ત્યારે સેવાભાવી વકીલના વ્યવસાય સાથે સંકળાયેલા તથા પૂર્વ તાલુકા સદસ્ય વિષ્ણુભાઈ પટેલ દ્વારા કોરોના વાયરસની મહામારીના સંક્રમણ વધતા લોકડાઉન પાર્ટ-૨ દરમ્યાન ગામના શ્રમજીવી પરિવારોને ૧૬૦ કિલો ચોખાના પેકેટ બનાવી પહોંચાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત આવા જરૂરિયાતમંદ પરિવારોના ઘરે ઘરે શાકભાજી બટાકા-ડુંગળી, ભીંડા એમ ત્રણ કિલોના ૪૫૦ પેકેટ બનાવી શાકભાજીનું વિતરણ કરી સંકટ સમયે ગરીબોના બેલી બની માનવતાની મહેંક પ્રસરાવી હતી. ત્યારબાદ હરહંમેશ ગરીબોની સેવા કરવાના મંત્ર સાથે સહારનીય અને પ્રસંશનીય કામગીરી કરવા કટીબદ્ધતા વ્યક્ત કરી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ના સાહેબ ખાવા પીવાની કોઈ સમસ્યા નથી... પણ નેટ રીચાર્જની વ્યવસ્થા સરકાર કરી આપે તો બહુ સારું...!!

# ગાંધીનગર તાલુકાના જલુંદ ગામે લોકડાઉનનો ચુસ્ત અમલ

### ગ્રામજનોએ ચોતરફથી ગામની નાકાબંધી કરી : ગામમાં માસ્ક પહેરવો ફરજિયાત

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર તાલુકાના વિવિધ ગામોમાં પણ લોકડાઉનનો ચુસ્ત અમલ કરવામાં આવી રહ્યો છે. ગાંધીનગર તાલુકાના જલુંદ ગામે સરપંચની આગેવાની હેઠળ યુવા સ્વયંસેવકો દ્વારા લોકડાઉનના નિયમોનું પાલન ચુસ્તપણે થાય તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે તેમજ ગ્રામવાસીઓને જીવનજરૂરી ચીજવસ્તુઓની તકલીફના પડે તેનું પણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.





નોવેલ કોરોના વાયરસ સંક્રમણના ખતરાને જોતાં ગાંધીનગર તાલુકાના જલુંદ ગામે ગ્રામજનો દ્વારા ચોતરફથી ગામની નાકાબંધી કરી દેવામાં આવી છે. ભારત સરકારના આદેશ મુજબ લૉકડાઉનનો ચૂસ્ત અમલ કરવા માટે ગામના સરપંચ રમેશજી ઠાકોર દ્વારા યુવા સ્વયંસેવકોની મદદ લેવામાં આવી રહી છે. આ ઉપરાંત નજીકના મોટી આદરજ પોલીસ સ્ટેશન દ્વારા પણ સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે જેના કારણે જલદ ગામે લૉકડાઉન નો ચુસ્ત પણે અમલ થઈ રહ્યો છે. કોઈપણ ગ્રામ પાસે લોક ડાઉન નો બિનજરૂરી રીતે ભંગ ના કરે તે માટે ડ્રોન સર્વેલન્સનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. ગામમાં પ્રવેશતા તમામ એન્ટ્રી પોઈન્ટ ઉપર ચુસ્ત નાકાબંધી કરી દેવામાં આવી છે તેમજ ત્યાં એક રજિસ્ટર મૂકીને ગામમાં પ્રવેશતા કોઈ પણ આગળ ટૂંકી નોંધણી કરીને તે અંગે સરપંચનું ધ્યાન દોરવામાં આવે છે. જો કે આ સાથે ગામમાં ગ્રામજનોને જીવનજરૂરી ચીજવસ્તુઓની તકલીફ ના પડે તેનું પણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. ગામમાં માત્ર ખેડૂતોની અવર જવરને છૂટછાટ આપવામાં આવી છે પરંતુ તે સાથે ગામમાં દરેક વ્યક્તિ માટે માસ્ક પહેરવું ફરજિયાત કરવામાં આવ્યું છે. ઝાલોદ ગામની આ વ્યવસ્થા જિલ્લાના અન્ય ગામો માટે પણ ઉદાહરણરૂપ છે તથા લૉકડાઉનનો સરેઆમ ભંગ કરતાં નાગરિકો માટે પણ અનુસરવા યોગ્ય પ્રેરણા પુરી પાડે છે.

## ખૂણેખાંચરેથી

- એલઆઈસીના ડેવલપમેન્ટ ઓફિસર હિરેન શાસ્ત્રી બેડમિન્ટનના અચ્છા ખેલાડી છે પણ લોકડાઉનના આ સમયમાં તેવો લઘુ લેખ લખીને સોશિયલ મિડિયામાં સેર કરી સમયનો આનંદ લૂંટે છે.
- ગાંધીનગર શહેરમાં ટોરેન્ટ પાવરે એવરેજ બિલના આધારે બિલો બનાવ્યા
- ગાંધીનગર મહાનગર-પાલિકા દ્વારા એક હજાર કિલોથી વધુ બાયો મેડિકલ વેસ્ટનો નિકાલ કરાયો.
- રવિ સીઝનના ઉત્પાદનોના વેચાણ માટે જિલ્લામાં આજથી શરૂ થયેલા રજીસ્ટ્રેશનમાં ૨૫૦ જેટલા ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ કોરોના પોઝીટીવના ૪ દર્દી સારવાર હેઠળ છે.

# લોકડાઉન વચ્ચે મરકજમાંથી ગાંધીનગર આવેલા પરત ફરેલા યુવક સામે ગુનો નોંધાયો

ગાંધીનગર, તા. ૧૬

કોરોનાના કહેરને પગલે લોકડાઉનની પરિસ્થિતિ સર્જાઈ છે. નાગરીકો ઘરમાં પુરાઈને સમય પસાર કરી રહ્યા છે. ત્યારે લોકડાઉન વચ્ચે મંજુરી વિના મહારાષ્ટ્ર થી ગાંધીનગર ખાતે આવેલા ત્રીજા જમાતી યુવક પર પોલીસે ગુનોં નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથક ખાતે ગુરુવારના રોજ બપોરના સુમારે સેકટર-૪ એ નો નબીલ સઈદમીયા કાદરી નામનો યુવક હાજર થયો હતો. નબીલ ૧૫ ડિસેમ્બરના ૨૦૧૯ રોજ મહારાષ્ટ્રના ભુસાવળ ખાતે તબલીકી જમાતની મરકજમા ગયો હોવાનું જણાવ્યું હતું અને ગત ૧૪ એપ્રિલને ગુરુવારના રોજ પરત ફર્યો હોવાનું કહ્યું હતું. પોલીસ તંત્રએ લોકડાઉન સમયે ગાંધીનગરમાં કેવી રીતે પહોંચ્યો તેની પુછપરછ કરી હતી પરંતુ તે યોગ્ય પ્રત્યુતર આપી શક્યો ન હતો. તે ઉપરાંત સ્થળાંતરની કોઈ મંજુરી પણ મેળવી ન હતી. સેકટર- પોલીસે તેને કોરોના વાયરસ અંગેની મેડીકલ તપાસ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. સેકટર- ૭ પોલીસે નબીલ સઈદમીયા કાદરી સામે જાહેરનામા ભંગ તેમજ મહામારી અધિનિયમ હેઠળ ગુનો નોંધી આરોપીની મેડીકલ તપાસ અને કોરોન્ટાઈન સહિતની પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા પછી પોલીસ તેની સામે આગળની કાર્યવાહી હાથ ધરશે.

# રાજ્યમાં ૨૦મીથી આધિન વાણિજ્યિક-ઉદ્યોગ એકમો સંબંધિત છૂટછાટોનો અમલ કરાશે

### હોટસ્પોટ અને કન્ટેનમેન્ટ ઝોન સિવાય છૂટછાટો લાગુ કરવામાં આવશે : જિલ્લાકક્ષાએ છૂટછાટોના અમલ-દેખરેખ-નિયંત્રણ માટે જિલ્લા કલેકટરના અદયક્ષાસ્થાને ૭ સભ્યોની સમિતીની રચના

ગાંધીનગર, તા. ૧૬

વિશ્વવ્યાપી મહામારી કોરોનાના વધતા સંક્રમણ અટકાવવાની તકેદારી રૂપે ભારત સરકારે લોકડાઉનનો સમયગાળો ૩ મે સુધી લંબાવ્યો છે. ગુજરાત રાજ્યમાં પણ તા. ૩ મે સુધી લોકડાઉન અમલમાં રહેવાનું છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ભારત સરકારે વાણિજ્યીક અને ઉદ્યોગ એકમો સંબંધિત છૂટછાટો ૨૦ એપ્રિલથી અમલમાં આવે તે રીતે જાહેર કરી છે તેના અનુસંધાને ગુજરાતમાં પણ આવી છૂટછાટો આપવાનો નિર્ણય કર્યો છે.મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આ નિર્ણયની વિસ્તૃત ભૂમિકા આપી હતી.

તેમણે જણાવ્યું કે આ છૂટછાટ કન્ટેનમેન્ટ ઝોન સિવાય લાગુ કરવામાં આવશે. હોટસ્પોટ અને કન્ટેનમેન્ટ ઝોન આરોગ્ય વિભાગ અને સ્થાનિક પ્રશાસન સાથે મળીને નક્કી કરશે. મુખ્યમંત્રીએ આપેલા દિશાનિર્દેશો મુજબ જિલ્લાકક્ષાએ વાણિજ્યીક અનેઉઊદ્યોગ સંબંધિત છૂટછાટોના અમલ માટે જિલ્લા કલેકટરોના અધ્યક્ષસ્થાને ૭ સભ્યોની કમિટી બનાવવામાં આવી છે. જેમાં જી.આઇ.ડી.સી.ના સ્થાનિક વડા, શ્રમ અને રોજગાર વિભાગના અધિકારી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, ફેકટરી ઈન્સ્પેકટર, મ્યુનિસીપલ કોર્પોરેશન વિસ્તારમાં નાયબ મ્યુનિસીપલ કમિશનર તેમજ સભ્ય સચિવ તરીકે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ સમિતિ ભારત સરકારની ગાઈડલાઈન મુજબ વાણિજ્યીક અને ઔદ્યોગિક એકમો કામગીરી ચાલુ કરે તેની મંજુરીઓ કેટલાક નિયમોને આધિન રહીને આપશે એમ અશ્વિનીકુમારે જણાવ્યું હતું. વાણિજ્યીક અને ઉદ્યોગ સંબંધિત એકમો ૨૦ એપ્રિલથી પૂરતી તકેદારી સાથે શરૂ કરી શકાશે. પરંતુ કોરોના વાયરસના સંક્રમણને ધ્યાનમાં રાખીને આવા એકમોએ થર્મલ ગન, સેનિટાઈઝેશન, ફરજિયાત માસ્ક, સોશિયલ ડિસ્ટન્સીંગ, સ્ટેગર્ડ લંચ ટાઈમ, સ્ટેગર્ડ એન્ટ્રી અને એકઝીટ ટાઈમ અને ક્રાઉડ ન થાય તેની ખાસ કાળજી રાખવાની રહેશે. એટલું જ નહિ કેમ્પસમાં શ્રમિકોને રાખવાની વ્યવસ્થા કરવાની રહેશે અને જો તે શકય ન હોય તો કર્મચારીઓ માટે સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે સલામત ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે.

ભારત સરકારના દિશાનિર્દેશો મુજબ રાજ્યમાં પણ આગામી ૨૦મી એપ્રિલથી મહાનગરપાલિકા-નગરપાલિકા વિસ્તાર બહારના વિસ્તારોમાં માર્ગોના બાંધકામ, સિંચાઈ પ્રોજેકટસ, બાંધકામ અને સ્જીસ્ઈ સહિતના તમામ પ્રકારના ઔદ્યોગિક પ્રોજેકટસ કાર્યરત કરી શકાશે તેવું મુખ્યમંત્રીએ સૂચવેલું છે. આવા પ્રોજેકટસ પૂનઃ શરૂ કરતા પૂર્વે શ્રમિકો-કામદારો માટે જરૂરી માસ્ક, સેનિટાઈઝેશન સુવિધા, સોશિયલ ડિસ્ટન્સીંગ નોર્મ્સનું પાલન પણ અવશ્ય કરવાનું રહેશે. રાજ્યમાં શહેરી વિસ્તારોમાં-મહાપાલિકા-નગરપાલિકા હદમાં નિર્માણાધિન બાંધકામના એવા પ્રોજેકટસ કે જ્યાં શ્રમિકો-કામદારોને રહેવાની વ્યવસ્થા પ્રોજેકટ સ્થળે જ ઈન-સી-ટુ-કન્સ્ટ્રકશન હોય અને બહારથી શ્રમિકો લાવવા પડે તેમ ન હોય તેવા પ્રોજેકટ પણ કાર્યરત કરી શકાશે.



લૉકડાઉનના સમયગાળામાં કામધંધા વિના બેરોજગાર રહેલા શ્રમિકોને સરગાસણના યુવાનો વિશાલસિંહ રાજપુત, નરેશભાઈ ચૌધરી, ચંદ્રકાન્તભાઈ ચાવડા અને અન્ય મિત્રો ભોજન પહોંચાડી રહ્યા છે. સવાર સાંજ આ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# અમદાવાદ : કર્ફ્યુ ભંગના ૨૬ ગુના, ૨૮ની કરાયેલી ધરપકડ

### બનાવટી પાસ મામલે એક ગુનો દાખલ : ઝા : લોકડાઉન ભંગ સંદર્ભે ડિટેઇન કરેલા ૩૧૮૭૯ વાહનોને છોડાયા : સુરા જમાતના ત્રણની વિરૂદ્ધ ગુનો દાખલ કરાયો

ગાંધીનગર, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મંત્ર ઘરે રહો સુરક્ષિત રહો, સ્વસ્થ રહો, જવાબદાર રહો અને જવાબદાર બનાવોના હેતુ સ્પષ્ટ છે કે, નોવેલ કોરોના વાયરસથી સંક્રમિત નાગરીકને કોઈપણ ભોગે બચાવવા અને આ માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીના માર્ગદર્શન હેઠળ સરકારી જરૂરી તમામ પગલાઓ લઈ રહી છે તેમ કહીને રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝાએ આજે કહ્યું હતું કે, પોલીસ અને આરોગ્ય કર્મચારીઓ પોતાના જીવનનું જોખમ લઈને પણ નાગરિકોના આરોગ્યની ચિંતા કરી રહ્યા છે. આવી સ્થિતિમાં પ્રજાકીય સહયોગ મળે તે બાબત ખુબ જરૂરી છે. ઝાએ કહ્યું હતું કે, આવશ્યક ચીજવસ્તુઓના વેચાણ અને તેની હેરાફેરી માટે જરૂરી છુટ આપવામાં આવી રહી છે.

અધિકૃત પાસ ધરાવતી વ્યક્તિને જ પોલીસ ક્યા પણ રોકશે નહીં પરંતુ પોલીસ દરેક વ્યક્તિના પાસ ચેક કરી રહી છે. જો બિનઅધિકૃત બનાવટી પાસ રહેશે તો તેની સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. અમદાવાદના મણિનગર પોલીસ સ્ટેશનમાં પણ બનાવટી પાસ સંદર્ભે એક ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આઉપરાંત અમદાવાદ શહેરમાં કર્ફ્યુ ભંગના ૨૬ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. ૨૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે. રાજ્યમાં લોકડાઉન જાહેર થયા બાદ પકડાયેલા વ્યક્તિઓના જપ્ત કરવામાં આવેલા વાહનો છોડાવવાની કામગીરી તેજ કરવામાં આવી છે.

નાગરિકોને મુશ્કેલીનો સામનો કરવો ન પડે તે માટે હવે તેમના જપ્ત કરવામાં આવેલા વાહનો છોડાવવાની કામગીરી ઝડપી કરવામાં આવી છે. હજુ સુધી લોકડાઉન સંદર્ભે જપ્ત કરાયેલા ૩૧૮૭૯ વાહનો છોડાવવામાં આવ્યા છે. લોકડાઉન ભંગ કરનાર વધુ ત્રણ સુરા જમાતના લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાની વિગત આપતા ઝાએ કહ્યું હતું કે, સુરા જમાતમાંથી આવેલા વ્યક્તિઓ પૈકી આજે મહેસાણામાં બે અને ગાંધીનગરમાં એક વ્યક્તિ સામે ગુનો નોંધીને તમામને ક્વોરનટાઈન કરી આરોગ્ય ચકાસણી હાથ ધરવામાં આવી છે. હજુ સુધીમાં સુરા જમાતમાંથી ગુજરાતમાં લોકડાઉન ભંગ કરીને આવેલા વ્યક્તિઓ સામે છ ગુના દાખલ કરવામાં આવ્યા છે જેમાં ભાવનગરમાં એક, મહેસાણામાં બે અને ગાંધીનગરમાં ત્રણ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. ઝાએ ઉમેર્યું હતું કે, સોશિયલ મિડિયા પર ભડકાઉ મેસેજ બનાવનાર અને તેને ફેલાવનાર બંને સામે ગુનો દાખલ કરીને કઠોર કાર્યવાહી કરવામાં આવી રહી છે. બુધવારના દિવસે સોશિયલ મિડિયા પર અફવાઓ ફેલાવવા બદલ ૧૪ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. હજુ સુધીમાં ૩૦૬ ગુનાઓ દાખલ કરી ૬૦૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે તે ઉપરાંત પોલીસની ત્રીજી આંખ પણ લોકડાઉનની કડક અમલવારી માટે કાર્યરત છે.

# લોકડાઉનમાં બિનજરુરી ફરતા ૨૭ શખ્સો સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો

ગાંધીનગર, તા.૧૬

રાજયમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે, કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે લોકડાઉન કરવામાં આવ્યુ છે. ત્યારે હજુ પણ નાગરીકો બહાર નીકળવાનું બંધ કરતા નથી. જેથી ગાંધીનગર શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં લોકડાઉનમાં બિન જરુરી કામવિના આંટાફેરા મારતા ૨૭ શખ્સો સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગરમાં પોલીસ તંત્ર દ્વારા સઘન પેટ્રોલીંગ અને ડ્રોન સર્વેલન્સ દરમિયાન બિનજરુરી રીતે ફરતા નાગરીકોને પકડી પાડી દંડનીય કાર્યવાહી હાથ ધરી છે.જેમાં ભાટ ગામે નવ પટેલ વાસ ખાતેથી ૩, ચંદ્રાલા ગામે ઈન્દીરાનગરના ખુણા નજીકથી ૩, કુડાસણ ગામ નજીક ખરાબાની જમીનમાંથી પાસેથી ૩, રાયસણ ગામે ભાઈજીપુરા પીડીપીયુ તરફના માર્ગ પરથી ૨, પેથાપુર ગામેથી ૨, પીંડારડા ગામેથી ૧, સેકટર-૨૪ ડબલડેકર પાસેથી ૩, ચરેડી રેલ્વે ફાટક પાસેથી ૨, સેકટર-૨સી ખાતેથી ૩, સેકટર-૧૪ ગોકુલપુરા થી ૨ નાગરીકોની કામ વિના ફરતા હોવાથી પોલીસે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગરમાં સીસીટીવી ફુટેજ ચેક કરીને પાંચ ગુના નોંધી ૨૪ની અટકાયત કરાઈ

સોસાયટીઓમાં લગાડવામાં આવેલા ખાનગી સીસીટીવી કેમેરાના ફુટેજ ચેક કરીને પોલીસ દ્વારા ગુના દાખલ કરવામાં આવી રહ્યા છે. ત્યારે ગાંધીનગરમાં આ પ્રકારે સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવીને સોસાયટીમાં લોકડાઉનનો ભંગ કરનાર વ્યકિતઓને પોલીસે પકડી પાડ્યા છે. ગાંધીનગર શહેરમાં પાંચ ગુના દાખલ કરીને ૨૪ નાગરીકોની ધરપકડ કરવામાં આવી છે.

# સુરતના ચાર પોલીસ મથક વિસ્તારમાં કર્ફ્યુ લાગુ કરાયો

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે સુરત શહેરમાં વધતા જતા કોરોના સંક્રમણની સ્થિતિ અંગે વિસ્તારપૂર્વક બેઠક યોજી હતી જેના ભાગરુપે સુરતના ચાર પોલીસ મથક અને એક પોલીસ ચોકી વિસ્તારમાં ૧૬મી એપ્રિલ મધરાતથી ૨૨મી એપ્રિલ સુધી કર્ફ્યુ લાગૂ કરવાનો આજે નિર્ણય લેવાયો હતો.

મુખ્યમંત્રીએ સુરત શહેરમાં વધતા જતાં કોરોનાના કેસોની સ્થિતિ વચ્ચે મુખ્ય સચિવ અનિલ મુકિમ, પોલીસ મહાનિર્દેશક શિવાનંદ ઝા, એસસીએસ સંગીતા સિંહ, સુરત પોલીસ કમિશનર, મ્યુનિસિપલ કમિશનર અને જિલ્લા કલેક્ટર સાથે વિડિયો કોન્ફરન્સ બેઠક યોજી હતી. ગુરુવારની મધરાતથી ૨૨મી એપ્રિલ સુધી સુરત શહેરમાં ચાર પોલીસ મથકો અને એક પોલીસ ચોકી વિસ્તારમાં કર્ફ્યુનો અમલ કરવાનો રહેશે. જે પોલીસ મથકોના વિસ્તારમાં કર્ફ્યુનો અમલ થવાનો છે તેમાં સલાબતપુરા, મહિધરપુરા પોલીસ મથક, લાલગેટ પોલીસ મથક, અઠુવા પોલીસ મથક, લિંબાયત પોલીસ મથકના કમરુનગર પોલીસ ચોકી વિસ્તારમાં કર્ફ્યુ રહેશે.


## ધાનેરા નગરપાલિકા

**ઓનલાઈન ટેન્ડર**

**જાહેર નિવિદા-૨૦૨૦ (ત્રીજો પ્રયત્ન)**

નગરપાલિકા ધાનેરા દ્વારા નગરપાલિકા વિસ્તારમાં જિલ્લા આયોજન મંડળની વર્ષ-૨૦૧૯/૨૦૨૦ની મળેલ ગ્રાન્ટમાં કુલ ૧ (એક) કામ રૂ. ૧૨.૦૫ લાખનું લેવામાં આવેલ છે. માટેના ભાવો માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન મંગાવવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈટ http://nprocure.com ઉપર તા. ૧૭/૪/૨૦૨૦ અને ત્યારબાદ જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. અને www.statetenders.com ઉપર જોઈ શકાશે. ધાનેરા નગરપાલિકા તમામ ટેન્ડરો સ્વીકારવા કે રિજેક્ટ કરવા અંગેનો પોતાનો અધિકાર અબાધિત રાખે છે. હાર્ડકોપીમાં કામનું નામ તથા ડોક્યુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ સ્પષ્ટ અક્ષરમાં લખવાની રહેશે.

| અનુ. નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ તારીખ | તા. ૧૭/૪/૨૦૨૦થી તા. ૨૭/૪/૨૦૨૦ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ૨ | ટેન્ડર ઓનલાઈન સબમિશન | તા. ૨૭/૪/૨૦૨૦ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ૩. | ટેન્ડર ફી, ઈએમડી (બાના મુક્તિ પ્રમાણપત્ર માન્ય રહેશે નહિ) અને અન્ય દસ્તાવેજો હાર્ડ કોપીમાં 'ચીફ ઓફીસર' નગરપાલિકા ધાનેરાના નામે સીલબંધ કવરમાં આર.પી.એ.ડી/સ્પીડ પોસ્ટથી રજૂ કરવાની તારીખ | તા. ૨૯/૪/૨૦૨૦ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી |
| ૪ | ટેન્ડર ઓપનીંગ | તા. ૩૦/૪/૨૦૨૦ (સંભવિત) |

આ કામની વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાની મળી શકાશે.

સહી/- એસ.એમ. અન્સારી, મુખ્ય અધિકારી, નગરપાલિકા ધાનેરા
સહી/- ઉગમબેન મોડસિંહ રાજપૂત, ચેરમેન, પાણી પુરવઠા સમિતિ
સહી/- વસંતીબેન વી. ગલચર, ઉપપ્રમુખ, નગરપાલિકા ધાનેરા
સહી/- યુસુફખાન એમ. બેલીન, પ્રમુખ, નગરપાલિકા ધાનેરા